જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૦૩/૨૦૨૩   શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૫૦૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૫૨ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૯ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૫૫,૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૫૧૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ    સમાચાર યાદી નં.૫૧૧/૨૦૨૩

**આનંદનગરઃ** જીગ્નેશભાઈ જનકભાઇ મહેતા (ઉ.વ.૫૦) (રહે. સુધાકલશ એપાર્ટમેન્ટ લોટસ સ્કુલ પાસે જોધપુરગામ સેટેલાઇટ) એ તા.૨૪/૦૩/૨૦૨૩ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે સપ્ટેમ્બર/૨૦૨૨ થી તા.૨૪/૦૩/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી જતીનભાઇ કિરીટભાઇ ડોડીયા એ જીગ્નેશભાઈ મહેતાની મારૂતી બલેનો ગાડી નંબર જીજે ૦૧ કેવાય ૬૬૯૪ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/-, હુન્ડાઇ ક્રેટા ગાડી નંબર જીજે ૨૧ એક્યુ ૮૮૨૭ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/-, સુઝુકી એક્સેસ નંબર જીજે ૦૧ વીએક્સ ૬૧૭૩ કિમત રૂપિયા ૭૫,૦૦૦/- અને હોન્ડા એવીએટર નંબર જીજે ૨૭ એએસ ૫૨૯૧ કિમત રૂપિયા ૧૨,૦૦૦/- ભાડા કરાર કરી વાહનો ભાડે લઇ જઇ આજદિન સુધીનું ભાડું રૂપિયા ૯,૨૮,૦૫૦/- નહી ચુકવી તેમજ વાહનો પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.યુ.ટાપરીયા ચલાવે છે.

**નરોડાઃ** ગોવિંદભાઇ શ્રવણભાઇ માલી (ઉ.વ.૩૩) (રહે. ધનશ્યામનગર નોબલનગર નરોડા) એ તા.૨૪/03/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી મિતાંશુ વશિષ્ઠ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ તા.0૪/03/૨૦૨૩ ના રોજ ઝુમ કાર નામની એપ્લીકેશનમાં સેલ્ફ ડ્રાઇવિંગ સારુ ગોવિંદભાઇ માલીની કાર બુક કરાવી નરોડા જી.આઇ.ડી.સી ફેઝ -૪ માં દુકાન નંબર-૪ હરેકૃષ્ણા શોપીંગ સેન્ટર ખાતેથી ગોવિંદભાઇ માલીની મહેન્દ્રા કંપનીની એક્સ.યુ.વી.૩૦૦ કાર નંબર જીજે.૨૭ સીએમ ૦૦૧૨ કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- લઈ જઈ આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

**નારોલઃ** ચેતનપ્રકાશ શંકરલાલ જૈન ઉવ.૩૦ રહે.મ.નં. બી/૧૪ જીવણપાર્ક સોસાયટી, ઇસનપુર ચાર રસ્તા પાસે નારોલ) એ તા.૨૪/03/૨૦૨૩ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી મહેન્દ્ર ઉમરાવ જાટ (રહે. શ્રીરામપુરા પોસ્ટ-કાશીર તા.ફતેહગઢ જી.અજમેર રાજસ્થાન) એ તા.૧૬/૦૧/૨૦૨૩ ના રોજ ઝુમ કાર નામની એપ્લીકેશનમાં સેલ્ફ ડ્રાઇવિંગ સારુ ચેતનપ્રકાશ જૈનની કાર બુક કરાવી નારોલ જીવણપાર્ક સોસાયટી નજીકથી ચેતનપ્રકાશ જૈનની વિટારા બ્રેઝા કાર નંબર જીજે.૨૭ બીએલ ૨૮૦૨ કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- લઈ જઈ આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૧૨/૨૦૨૩**

**પાલડીઃ** રીઝવાન મહેબુબભાઇ મનસુરી (રહે.લબેક પાર્ક અંબર ટાવર રોડ જુહાપુરા) એ તા.૨૪/03/૨૦૨૩ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/03/૨૦૨૩ કલાક ૨/૩૦ થી સવારના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પાલડી ફતેપુરા સુખશાંતિ કોમ્પલેક્ષ ખાતે પાર્ક કરેલ પોતાના મોટર સાયકલની ડેકી તોડી ડેકીમાંથી ડોમીનોઝ પીઝાની બ્રાન્ચ દુકાન નંબર-૧૦૧ અને ૨૦૧ ની ચાવી લઈ ડોમિનોઝની દુકાનના પાછળના દરવાજાનુ તાળુ ખોલી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સેફ લોકરમાંથી રોકડ રૂપિયા ૧,0૩,૩૧૩/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.આર.શુક્લ ચલાવે છે.

**બાપુનગરઃ** પંકજભાઇ વિનોદભાઇ યાદવ (રહે.અબજીબાપા લેકવ્યુ અર્પણ સ્કુલ પાસે વસ્ત્રાલ) એ તા.૨૪/03/૨૦૨૩ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/03/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૨૩/03/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર રત્નબીજ પાર્ક સુમેલ-૦૮ પાસે “સેડોફેક્ષ્સ ટેકનોલોજી પ્રા.લી.” નામની પોતાની કંપનીની ઓફિસનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઓફિસમાં પ્રવેશ કરી કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૧૩/૨૦૨૩**

**કાગડાપીઠ**ઃ દક્ષાબહેન કીરીટભાઈ પટેલ (ઉ.વ.૫૫) (રહે. ગામ-મુવાલ તા-પાદરા જી-વડોદરા) તા.૨૪/03/૨૦૨૩ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે એસ.ટી.ગીતા મંદિર બસ સ્ટેન્ડ પાસે આવેલ બી.આર.ટી.એસ.બસ સ્ટેશન ખાતે બસમા બેસતી વખતે અજાણી વ્યક્તિએ દક્ષાબહેન પટેલની નજર ચુકવી ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ દક્ષાબહેન પટેલે કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૧૪/૨૦૨૩**

**એસ.જી.હાઇ-વે-૦૨ ટ્રાફીક પો.સ્ટે.:-** હરેશનારાયણ બ્રીજેશનારાયણ દ્રીવેદી (ઉ.વ.૨૪)(રહે.ન્યુ હાઉસીંગ બોર્ડ કોલોની, બરવાની ડીસ્ટીક બરવાની મધ્યપ્રદેશ) તા.૨૪/03/૨૦૨૩ ના કલાક ૨/૫૦ વાગ્યાના સુમારે એસ.જી.હાઇ-વે ઇસ્કોન ક્રોમા મોલની સામે ફ્રી લેફ્ટ એરીયામાં જવાના રોડ ઉપર પોતાનુ મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે લકઝરી બસ નંબર એઆર.૦૧.ટી.૦૯૭૯ ના ચાલકે પુરઝડપે અને બેદરકારીથી બસ ચલાવી મોટર સાયકલ ને ટક્કર મારતા હરેશનારાયણને ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે એસ.જી.હાઇ-વે.૨ ટ્રાફીક પોલીસે ગુનો નોંધી આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઇ.શ્રી એમ.આર.સિંધવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૧૫/૨૦૨૩**

**કૃષ્ણનગર**ઃ જયેશ વિષ્ણુભાઇ પરમાર (ઉ.વ.) (રહે.(પ્રાર્થના) સાર્થક એવન્યુ રઘુવિર સ્કુલની બાજુમાં ગોપાલ ચોક નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૪/03/૨૦૨૩ બપોરના ૪/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેશકુમાર જેસંગભાઈ ચલાવે છે.

**મેઘાણીનગર**ઃ કોમલબહેન નરેશભાઇ પટણી (ઉ.વ.૩૨) (રહે. છગુ રત્નાની ચાલી ઓમનગર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/03/૨૦૨૩ કલાક ૧૧/00 વાગ્યા પહેલા પોતાના ઘરે છતની લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એમ.બામણીયા ચલાવે છે.

**નિકોલઃ** પુષ્પાબહેન વા/ઓ રમેશભાઈ પ્રજાપતિ (ઉ.વ.૪૦) (રહે. અંકુર રો-હાઉસ ન્યુ ઈન્ડીયા કોલોની પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૩/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.શિયાળ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી